# સુરત મહાનગરપાલિકા

રીક્રુટમેન્ટ વિભાગ, પાંચમો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, મહાનગરપાલિકા કચેરી, તાપીપુરા, સુરત.


## <u>ઉમેદવારોએ ધ્યાને લેવા જોગ સુચના</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા ક્રમાંક : પી.આર.ઓ./૭૩૯ તા.૧૧/૦૩/૨૦૨૬ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ વિવિધ સંવર્ગોની જાહેરાત પૈકી (૧) લેબોરેટરી ટેકનીશ્યન અને (૨) ત્રીજી શ્રેણી કલાર્ક(ઓડીટ) ની જગ્યા માટેના ઉમેદવારોની લેખિત પરીક્ષા તા.૨૬/૦૭/૨૦૨૬ ના રોજ યોજવા અંગે ઉમેદવારોને વેબસાઈટ પર સુચના પ્રસિધ્ધ કરી અગાઉથી જણાવવામાં આવેલ તેમજ ઓનલાઈન કોલ લેટર પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. પરંતુ, ગુજરાત રાજયમાં ભારે વરસાદના કારણે ઉમેદવારોના હિતને ધ્યાને લેતા સદર લેખિત પરીક્ષા મુલતવી રાખવામાં આવેલ હતી. જે **લેખિત પરીક્ષા હવે પછી આગામી તા.૦૨/૦૮/૨૦૨૬ ના રોજ સુરત શહેરમાં યોજાનાર છે.**

ઉપરાંત, ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ (GUHP) અંતર્ગત ફાર્માસીસ્ટની જગ્યા માટેની લેખિત પરીક્ષા તા.૦૫/૦૪/૨૦૨૬ ના રોજ અમદાવાદ ખાતે યોજવામાં આવેલ હતી. પરંતુ, ટેકનીકલ કારણોસર સદર સંવર્ગની લેખિત પરીક્ષા રદ કરવાની ફરજ પડેલ હોય, **સદર સંવર્ગની લેખિત પરીક્ષા ફરીથી આગામી તા.૧૬/૦૮/૨૦૨૬ ના રોજ સુરત શહેરમાં યોજવામાં આવેલ છે.** જેની તમામ સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી.

ઉકત દર્શાવેલ સંવર્ગોની લેખિત પરીક્ષા સંદર્ભે પરીક્ષાનો સીલેબસ, ઉમેદવારોની સુચનાઓ વિગેરે અગાઉથી ઉમેદવારોને જણાવવામાં આવેલ છે. ઉપરાંત, સદર પરીક્ષા માટે પરીક્ષા કેન્દ્રનું સ્થળ, સમય વિગેરે માહિતી ઉમેદવારોને ઓનલાઈન કોલ લેટર મારફત ટૂંક સમયમાં જણાવવામાં આવશે. ઉમેદવારોને સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર Recruitment Dashboard માં નિયમિતપણે અપડેટ જોતા રહેવા ખાસ જણાવવામાં આવે છે.

સહી/–
એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર(આર.),
સુરત મહાનગરપાલિકા